## (1) ‘MODIS’ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરું નામ Moderate Resolution Imaging Spectroradiometer છે.
(2) તે નાસાના ઉપગ્રહનું એક મહત્ત્વનું ઉપકરણ છે.
(3) તેના દ્વારા પૃથ્વીના વાતાવરણ, જમીન સપાટી તથા સમુદ્ર સપાટી પર દેખરેખ રાખી શકાય છે.
(4) ઉપકરણના ઉપયોગથી તાજેતરમાં નાસાએ જણાવ્યું છે કે ઉત્તર ભારતમાં એરોસોલનું પ્રમાણ 20 વર્ષોમાં સૌથી ઓછું છે.

(A) માત્ર (2), (3) અને (4) (B) માત્ર (1) અને (4)
(C) માત્ર (1), (2) અને (3) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં નાસાએ જણાવ્યું છે કે ભારતમાં એરોસોલનું પ્રમાણ એપ્રિલ મહિનાની શરૂઆતમાં ખૂબ ઓછું હતું. MODISની દેખરેખ પરથી જાણવા મળ્યું છે કે આ પ્રમાણ 20 વર્ષોમાં સૌથી ઓછું છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ MODIS એ નાસાના ઉપગ્રહોનું મહત્ત્વનું ઉપકરણ છે. તેનો ઉપયોગ પૃથ્વીના વાતાવરણ, જમીન સપાટી અને સમુદ્ર સપાટીની દેખરેખ માટે થઈ શકે છે. (આથી, વિધાન (2) અને (3) સાચાં છે.)

⇛ MODISનું પૂરું નામ Moderate Resolution Imaging Spectroradiometer છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ MODIS દ્વારા નીતિ બનાવનારા લોકો પર્યાવરણની સુરક્ષા માટેના ચોક્કસ નિર્ણયો લઈ શકે છે.

⇛ વાયુ કે પ્રવાહી માધ્યમમાં તરતા પ્રવાહી અથવા ઘન કણોના મિશ્રણને એરોસોલ તરીકે ઓળખવામાં આવે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) ‘PRACRITI’ ડેશબોર્ડ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરું નામ Prediction and Assessment of Corona Infections and Transmissions in India છે.

(2) આ ડેશબોર્ડ DRDO દ્વારા બનાવવામાં આવેલું છે.

(3) આ ડેશબોર્ડ કોરોના કેવી રીતે ફેલાશે તેની ધારણાં કરે છે.

(4) આ ડેશબોર્ડમાં દરેક જિલ્લા માટે ‘રિપ્રોડકશન નંબર’નું મૂલ્ય આપવામાં આવ્યું છે.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (1), (3) અને (4)

(C) માત્ર (2), (3) અને (4)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ IIT-દિલ્હીના સંશોધકોએ એક વેબ આધારિત ડેશબોર્ડ બનાવ્યું છે કે જેના દ્વારા ભારતમાં COVID-19ના ફેલાવા વિશે ધારણા કરી શકાશે. આ ડેશબોર્ડનું નામ PRACRITI - Prediction and Assessment of Corona Infections and Transmissions in India છે. (આથી, વિધાન (1) તથા (3) સાચાં છે, જ્યારે વિધાન (2) ખોટું છે.)

⇛ આ ડેશબોર્ડમાં દરેક રાજ્ય તથા જિલ્લા મુજબ COVID-19ની માહિતી તથા તેના ફેલાવવાની ધારણા વિસ્તૃતમાં ‘રિપ્રોડકશન નંબર’ સાથે આપવામાં આવી છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ ડેશબોર્ડ દ્વારા COVID-19ને લગતા નિર્ણયો વધુ સારી રીતે લઈ શકાશે તથા તેના દ્વારા સરકારને નીતિઓ બનાવવામાં પણ મદદ મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (3) વિશ્વ મેલેરિયા દિવસ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ દિવસ દર વર્ષે 25 એપ્રિલના રોજ ઉજવવામાં આવે છે.

(2) વર્ષ 2020 માટે મેલેરિયા દિવસની થીમ 'Let's End Malaria Together' છે.

(3) આ દિવસ WHO દ્વારા ઉજવવામાં આવે છે.

(4) આ દિવસે WHO દ્વારા 'વિશ્વ મેલેરિયા રિપોર્ટ' બહાર પાડવામાં આવે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ દર વર્ષે 25 એપ્રિલના રોજ WHO તથા અન્ય સંસ્થાઓ દ્વારા વિશ્વ મેલેરિયા દિવસ ઉજવવામાં આવે છે. (આથી, વિધાન (1) અને (3) સાચાં છે.)

⇛ આ વર્ષે મેલેરિયા દિવસની થીમ 'Zero Malaria Starts With Me' છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ દિવસે WHO દ્વારા 'વિશ્વ મેલેરિયા રિપોર્ટ' બહાર પાડવામાં આવે છે. આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે હજુ પણ મેલેરિયા દ્વારા લાખો લોકો દર વર્ષે મૃત્યુ પામે છે તથા વિશ્વમાં મેલેરિયાની નાબૂદી માટે વર્ષ 2014થી 2018 દરમિયાન કોઈ ખાસ પ્રગતિ જોવા મળી નથી. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ વર્ષ 2007થી આ દિવસ વિશ્વ સ્તરે ઉજવવામાં આવે છે. આફ્રિકામાં વર્ષ 2001થી 'આફ્રિકા મેલેરિયા દિવસ' ઉજવવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (4) 'ANTHURIUM' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ એક પ્રકારના ફૂલ છે.
(2) તેનામાં આસપાસની હવાને શુદ્ધ કરવાનો ગુણ રહેલો છે.
(3) તે હવામાંથી કેટલાંક હાનિકારક રસાયણો જેવાં કે એમોનિયા, ફોર્માલ્ડીહાઈડ, ટોલ્યુઈન વગેરેને દૂર કરી શકે છે.
(4) તાજેતરમાં નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન દ્વારા આ ફૂલની 10 અલગ પ્રજાતિ શોધવામાં આવી છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) આપેલ પૈકી એક પણ નહીં
(D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ કેરળ સ્થિત એક સ્ત્રી ખોજકર્તા (વસીની બાઈ)એ 'ANTHURIUM' ફૂલની 10 વેરાયટી વિકસાવી છે. તે પોતે આ ફૂલની વધુ માંગને સંતોષવા અસમર્થ હોવાથી નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન તેની મદદે આવેલ છે. (આથી, વિધાન (1) સાચું છે, જ્યારે વિધાન (4) ખોટું છે.)

⇛ આ ફૂલના હવા શુદ્ધ કરવાના ગુણના કારણે તાજેતરમાં તેનું મહત્ત્વ વધ્યું છે. આ ફૂલ આસપાસના વાતાવરણમાંથી કેટલાંક હાનિકારક રસયાણો જેવા કે એમોનિયા, ફોર્માલ્ડીહાઈડ, ટોલ્યુઈન, ઝાયલીન વગેરેને દૂર કરી શકે છે. (આથી, વિધાન (2) અને (3) સાચાં છે.)

⇛ નાસા દ્વારા આ છોડને 'એર–પ્યુરિફાયર પ્લાન્ટ' તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) 'સ્વામિત્વ યોજના' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તાજેતરમાં પંચાયતી રાજના દિવસે આ યોજના લોન્ચ કરવામાં આવી છે.
(2) આ યોજનાનો ઉદ્દેશ મિલકતની નોંધણી તથા જાળવણીમાં ક્રાંતી લાવવાનો છે.
(3) આ યોજના ગ્રામ્ય મંત્રાલય હેઠળ શરૂ કરવામાં આવેલ છે.
(4) આ યોજનામાં બિનવસાહતી જમીનની નોંધણી કરવામાં આવશે.

(A) માત્ર (3) અને (4)
(B) માત્ર (1) અને (4)
(C) માત્ર (1) અને (2)
(D) માત્ર (2) અને (3)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં પંચાયતી રાજ દિવસ નિમિત્ત પ્રધાનમંત્રીશ્રી દ્વારા સ્વામિત્વ યોજના લોન્ચ કરવામાં આવી છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ આ યોજનામાં ગ્રામ્ય ક્ષેત્રોમાં આધુનિક ટેક્નોલોજી (જેમ કે, ડ્રોન) દ્વારા વસાહતી જમીનનું મેપીંગ કરવામાં આવશે. (આથી, વિધાન **(4)** ખોટું છે.)

⇛ આ યોજનાનો ઉદ્દેશ ભારતમાં મિલકતની નોંધણી અને તેની જાળવણીમાં ક્રાંતી લાવવાનો છે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ આ યોજના પંચાયતી રાજ મંત્રાલય હેઠળ શરૂ કરવામાં આવેલી છે. (આથી, વિધાન **(3)** ખોટું છે.)

⇛ આ યોજનામાં દરેક પ્રોપર્ટી માટે રાજ્ય દ્વારા એક પ્રોપર્ટી કાર્ડ પણ બનાવવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT